ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ૨૦૨૦નું વર્ષ એટલે ગણતરીઓનું વર્ષ

**આ વર્ષે તંત્ર ગણતરીના કાર્યમાં વધુ વ્યસ્ત રહેશે : વસ્તીગણતરી, આર્થિક ગણતરી મુખ્ય**

ગાંધીનગર, તા. ૬

૨૦૨૦નું વર્ષ એટલે ગણતરીનું વર્ષ બની રહેશે. આ ગણતરીના વર્ષ માટે તંત્રએ પણ કમર કસી હોય તેવુ લાગે છે.

૨૦૨૦માં કેટલા પ્રકારની ગણતરીઓ થવાની છે તેની રસપ્રદ ચર્ચાઓ પાટનગરમાં થાય છે અને એટલે જ તંત્ર પણ અન્ય બાબતો કરતાં ગણતરીની તાલિમો અને તેના વ્યવસ્થાપનમાં વધુ વ્યસ્ત બન્યું છે. આ વર્ષે ગીધની વસ્તી ગણતરી માટે વન વિભાગ તૈયાર કરી રહ્યુ છે તો ભારતની વસ્તી ગણતરીનો વિધિવત્ પ્રારંભ ૧લી એપ્રિલથી થવાનો છે. હાલ ગ્રામીણ સ્તરે ઈઝ ઓફ લીવીંગનો સર્વે ચાલી રહ્યો છે તો આરોગ્ય વિભાગ દ્વારા ૩૧મી માર્ચ સુધીમાં દરેક જિલ્લાનો ફેમિલી હેલ્થ સર્વે સંપન્ન થશે.

**સમયસર**
**- પ્રકાશ જહા**

આ ઉપરાંત સરકાર દ્વારા સાતમી આર્થિક ગણતરી પણનો દોર આરંભાઈ ચુક્યો છે. આમ આટલુ અધુરૂ હોય તેમ ડિસેમ્બરમાં પંચાયતોની ચૂંટણીની મતગણતરી થશે તો એપ્રિલમાં રાજ્યસભાની ચાર બેઠકોનો જંગ છે તેની અટપટી ગણતરી તો ખરી જ.૨૦૨૦નું વર્ષ ગણતરીનું વર્ષ એટલા માટે પણ બનશે કારણ કે રાજ્ય સરકારે રાજ્યમાંથી નિરક્ષરોને શોધી કાઢવા માટે શિક્ષકોને

**પશુધન ગણતરી ટેબ્લેટથી થઈ પણ પરિણામ હજુ જાહેર થયા નથી : આ વખતે બધી ગણતરીઓ મોબાઈલ એપથી થશે**

અભિયાન હાથ ધરવાનું કહ્યુ છે એટલે ઘરે ઘરે ફરી શિક્ષકો નિરક્ષરોને શોધી કાઢશે. વસ્તી ગણતરીની તૈયારીઓનો ધીમી ગતિએ આરંભ થયો છે અને તંત્ર એકદમ મૌન ધારણ કરી બેસેલ છે. જોકે બે તબક્કે વસ્તી ગણતરી થવાની છે તેમાં પહેલાં ઘરની ગણતરી થશે આ પછી જાન્યુઆરીમાં વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરાશે.

આ પૂર્વે તંત્રમાં દરેક નકશા તાલુકાના ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. રેવન્યુ વિલેજની સીમા અને ફોરેસ્ટ વિલેજના સ્થાનોને ચિહનીત કરવા જણાવાયુ છે. ખુબજ ગંભીરતાથી તંત્ર હાલ તો આગળ ધીમી ગતિએ વધતુ જણાય છે.

તો ફેમીલી હેલ્થ સર્વેમાં પહેલીવાર માઈગ્રેડ ફેમીલી મેમ્બરને આમા તારવી શકાશે એટલુ જ નહિ ઈ-ટેકો દ્વારા કયા જિલ્લામાં કેટલા લોકો કયા પ્રકારની બિમારીથી પિડાય છે તેની જાણકારી પણ ઉપલબ્ધ બનશે. આર્થિક ગણતરીના માધ્યમથી કયા સ્ત્રોતમાંથી વધુ આવક મળી રહી છે તે સ્ત્રોતની જાણકારી મળશે. આ માટે પણ પ્રશ્નો ઘણા પુછવામાં આવનાર છે. ઈઝ ઓફ લીવીંગમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટની ઘણી બધી બાબતો બહાર આવશે. આમ આ આખુય વર્ષ ગણતરીનું વર્ષ બનશે. આ વખતે ગણતરીઓ બધી મોબાઈલ એપથી થઈ રહી હોવાથી ભારતનો ડિજીટલ યુગનો સૂર્યોદય મધ્યાહને પહોંચશે એવી વાત કહેવી કસમયની નથી લાગતી.

જોકે ૧૯મી પશુધન ગણતરી ટેબ્લેટ દ્વારા કરવામાં આવી પણ હજુ તેના પરિણામો જાહેર થઈ શક્યા નથી એ દુઃખદ પાસુ આજે પણ સૌને ખૂંચે છે એ પણ એટલુ જ નોંધનીય છે.

# મનપાનું ડ્રાફ્ટ બજેટ ૧૦મીએ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરાશે

**નવા વિકાસ કામો ઓછા પણ હદ વિસ્તાર થાય તો મહેકમ ખર્ચમાં જંગી વધારો સૂચવશે**
**બજેટના કદમાં ૨૦ કરોડથી ૫૦ કરોડ સુધીનો વધારો કમિશ્નર સૂચવશે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાનું ડ્રાફ્ટ બજેટ કમિશ્નરશ્રી દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ ૧૦મી ફેબ્રુઆરીના રોજ રજુ કરવામાં આવશે.

૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષ માટેનું અંદાજપત્ર ૧૦મીએ સવારે ૧૨ વાગે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા બજેટમાં મિલ્કતવેરાના દરમાં સામાન્ય વધારો સૂચવવા સાથે આવકના સઘનીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ ઉપરાંત સફાઈવેરાના દરમાં પણ ક્ષેત્રફળ આધારિત દર વાણિજ્ય વિસ્તારમાં લાગુ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મનપાના બજેટમાં સભ્યોને વિસ્તાર વિકાસ માટે આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો પણ કમિશ્નરશ્રી દ્વારા સૂચવવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ બજેટમાં પાંચ અંગ્રેજી માધ્યમની પ્રા. શાળાઓ શરૂ કરવા માટેની દરખાસ્ત પણ કમિશ્નરશ્રી દ્વારા સૂચવવા ઉપરાંત શહેરના વિવિધ સેક્ટરોના વિકાસને ધ્યાને રાખી નવા સેક્ટરોમાં સરકારી દવાખાના ચલાવવા માટેની દરખાસ્ત પણ કરે તેવી શક્યતાના નિર્દેશ મળે છે.

૨૦૧૯-૨૦ના બજેટમાં રજુ થયેલ દરખાસ્તો પૈકી મોટાભાગની દરખાસ્તો પર કામ હાથ ધરાયા ન હોવાથી તેની મુદતમાં વધારો કરવાની વાત પણ કમિશ્નરશ્રી દ્વારા આ બજેટમાં કરવામાં આવશે.

શહેરને વધુ એક પુરાંતલક્ષી બજેટ રજુ કરવાના મૂડમાં હાલ કમિશ્નર જણાય છે. જો કે બજેટના કદમાં નહિવત વધારો કરવામાં આવશે. આ વધારો ૨૦ થી ૫૦ કરોડ સુધીનો હશે. મળતા નિર્દેશ મુજબ જે વણવપરાયેલી ગ્રાન્ટ છે તેની મુદતમાં પણ વધારો કરાશે. ગત વર્ષે રૂ. ૨૮૦ કરોડનું બજેટ રજુ થયુ હતુ.

આ બજેટમાં આંતરિક માર્ગોની સફાઈ માટે તેમજ સફાઈના નવા સાધનો વસાવવા પર ભાર મુકવામાં આવશે. હાલ રોડની સફાઈ માટે વસાવેલા વાહનો અને શક્કરો લગભગ વારંવાર ખોરવાઈ જતા હોવાથી નવા ખરીદવામાં આવશે તેવી દરખાસ્ત પણ રજુ થઈ શકે એમ છે.

આ બજેટમાં મનપાની કચેરી માટે નવુ મકાન લગભગ તૈયાર થવા આવી રહ્યુ છે તેથી નવા ફર્નિચરની ખરીદી સાથે અદ્યતન સુવિધાઓ સાથેની કચેરી બનાવવાનું સ્વપ્ન પણ કમિશ્નરશ્રી દ્વારા રજુ કરવામાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો. ૩ થી ૮ ના બાળકોની વાંચન ક્ષમતા કસોટીનું અનોખુ આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા અંગે ખાસ કસોટી લેવામાં આવશે.

છેલ્લા ૧૦ સપ્તાહથી પણ વધુ સમયથી ચાલી રહેલ વાંચન અભિયાન બાદ બાળકની ક્ષમતામાં થયેલ સુધારાને જાણવા માટે આજે આ ખાસ વાંચન ક્ષમતા કસોટીનું આયોજન કરવામાં આવ્યુ છે.

૨૪૦ સેકંડમાં અર્થાત ૪ મિનિટમાં બાળક કેટલુ કડકડાટ વાંચી શકે છે તેના આધારે તેની વાંચન ક્ષમતાની આ કસોટી યોજવામાં આવનાર છે. આ કસોટીનું મૂલ્યાંકન જે તે શિક્ષક દ્વારા જ કરવામાં આવશે.

શિક્ષણ વિભાગે આ મૂલ્યાંકન માટે ખાસ ટેલિકોન્ફરન્સ યોજી અને સૌને માર્ગદર્શન આપ્યુ છે. આ ક્ષમતા સુધારણા અભિયાનમાં શું સુધાર જોવા મળ્યો તે અંગેનો અહેવાલ પણ આપવાનો રહેશે.

ધો. ૩ થી ૮ ના બાળકોની આ વાંચન ક્ષમતા કસોટી યોજવામાં આવનાર છે. ધો. ૯ માં બાળકો વાંચન ક્ષમતા નહિ ધરાવતા હોવાની રજુઆતના સંદર્ભે આ ખાસ અભિયાન ૧૨ સપ્તાહનું યોજવામાં આવ્યુ હતુ. હવે આ ક્ષમતા કસોટી પછી બાળકમાં શું સુધારો જોવા મળ્યો તેનો ચિતાર સરકારને મળશે.

ગુણોત્સવ દરમ્યાન વાંચન-લેખન ગણનમાં બાળકો નબળા જણાયા પછી સરકારે આ વખતે દરેક શાળામાં આ ખાસ વાંચન અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

# ગૌપશુપાલન રથ પશુપાલકોને જાગૃત કરશે : રાજયપાલ

**મધુર ડેરીના સુવર્ણ જયંતી પ્રસંગે ગૌપશુપાલન જાગૃતિ રથનુ રાજયપાલના હસ્તે અનાવરણ**
**ખેડુતોની આવક બમણી કરવા પશુપાલન અને પ્રાકૃતિક ખેતી સૌથી મહત્વની બાબત : રાજયપાલ**

ગાંધીનગર તા ૬

કૃષિ અને પશુપાલન એકબીજાના પુરક વ્યવસાય છે. ગાય વિશ્વની માતા છે. ખેડુતોએ આવક બમણી કરવા માટે રાસાયણિક ખેતીથી દુર થઈને પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ તેમ આજે મધુર ડેરીના સુવર્ણ જયંતિ સમારોહના ઉદઘાટન પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાંવ્યુ હતુ. તેમણે આ તબક્કે પશુપાલન તેમજ પશુ દુધ ઉત્પાદન ક્ષેત્રે મહીલાઓનુ યોગદાન વિશેષ હોવાનુ જણાંવ્યુ હતુ. મધુર ડેરીના સુવર્ણ જયંતી સમારોહ પ્રસંગે દુધ






મંડળીમાં સૌથી વધુ દુધ ભરનાર મહીલાઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ. જયારે આ તબક્કે ગૌપશુપાલન જાગૃતિ રથનુ પણ અનાવરણ કરવામાં આવ્યુ હતુ.

મધુર ડેરીના સુવર્ણ જયંતી સમારોહના ઉદઘાટન કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાંવ્યુ હતુ કે આજે દુધ પીવડાવાનુ કામ અતિથિ દેવો ભવઃ ની ભાવના અને સંસ્કૃતિને બળ આપે છે. મધુર ડેરી અમુલનો જ હીસ્સો છે. ત્યારે ખેડુતો તેમજ મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટર કચેરીની સ્વચ્છતામાં જ ઉદાસીનતાથી કલેક્ટર નારાજ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ગંદકીનું વાતાવરણ જોઈ ચોંકી ઉઠેલા ડૉ. કુલદીપ આર્યએ સ્વચ્છતાની કામગીરી સંભાળતી એજન્સીને કારણદર્શક નોટીસ આપી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ કચેરીના સફાઈ અભિયાન પર ખાસ નિગરાની રાખવા ગાંધીનગર મામલતદારને પણ સૂચના સાથે જવાબદારી સોંપી છે.

જિલ્લા કલેક્ટર કચેરીના શૌચાલયોની નિયમિત સફાઈ થાય તેમજ દરેક વિભાગની વિવિધ કચેરીઓમાં પૂરી સફાઈ નહિ થતી હોવાનું કલેક્ટરના ધ્યાને આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ બાબતે તાકીદે પગલાં લેવા માટે વારંવાર સૂચનાઓ શાખાધિકારીઓને આપી હતી પરંતુ કોઈ સ્પષ્ટ પરિણામ ન મળતાં તેમણે સ્વચ્છતાની કામગીરી કરતી એજન્સીને કારણદર્શક નોટીસ આપી અને મામલતદાર ગાંધીનગરને આ બાબતે ખાસ નિગરાની રાખવા માટે સૂચવ્યુ છે.

# જિલ્લા તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા કલેક્ટરની કડક તાકીદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લા તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા સાથે અરજદારોની અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે જોવા જિલ્લાના મહેસુલી અધિકારીઓને તાકીદ કરી છે.

જિલ્લાના કલેક્ટરશ્રીએ ગઈકાલે જિલ્લાના મહેસુલ અધિકારીશ્રીઓ સાથે યોજેલી બેઠકમાં મુખ્યમંત્રી ડેશ બોર્ડના માપદંડોની કામગીરીને અગ્રતા આપવા માટે જણાવ્યુ હતુ ખાસ કરીને મહેસુલી પ્રશ્નો જે છે તેના ઝડપી ઉકેલ માટે આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુ કુડાસણના કૃષ્ણકુંજ ફ્લેટ નજીક ગોળીબાર




ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક કુડાસણ ગામ નજીક વિકાસ પામેલ ન્યુ કુડાસણ વિસ્તારમાં આજે મોડીસાંજે ફાયરીંગની બનેલી ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો પ્રસરી જવા પામેલ છે.

ન્યુ કુડાસણ વિસ્તારમાં કૃષ્ણકુંજ ફ્લેટ નજીકના વાણિજય વિસ્તારમાં આવેલ આદિશ્વર જ્વેલર્સ પર બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા ફાયરીંગ કરવામાં આવતા વેપારી ઘાયલ થયેલ છે અને વેપારીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પોલીસે વિસ્તારને કોર્ડન કરી અને સઘન તપાસ હાથ ધરી છે. આ ફાયરીંગની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય સાથે સન્નાટાની પરિસ્થિતિ જોવા મળી રહી છે.

# પારદર્શક બોર્ડ પરીક્ષા માટે શિક્ષણ તંત્ર વિવિધ શાળાઓની મુલાકાત લેશે

**અગાઉ વધુ ગેરરીતી થઇ હોય તેવા પરીક્ષા સ્થળોને પણ બદલવામાં આવશેઃ પરીક્ષાર્થીઓ માટે જરૂરી ભૌતિક સુવિધાઓની પણ ચકાસણી થશે : પરીક્ષાને અનુલક્ષી તૈયારીઓ શરૂ**

ગાંધીનગર તા ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં યોજાનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી તૈયારીઓ ચાલી રહી છે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી તેમજ તેમની ટીમ પણ પરીક્ષા સ્થળોની મુલાકાત લઈ જરૂરી સ્થળ સ્થિતિનો અભ્યાસ કરે છે. જયારે ગત વર્ષ દરમિયાન વધુ ગેરરીતી થઈ હોય તેવા બિલ્ડીંગોનો પરીક્ષા સ્થળોને બદલવા માટે પણ સુચના આપવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષા લેવાશે. બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને હાલ વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ છે. ધો-૧૦ અને ધો -૧૨ ના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ પણ રીવિઝન વર્ક તેમજ મોક ટેસ્ટ અને વધારાના વર્ગો પણ શરૂ કરી દેવાયા છે. શાળાઓ પણ આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને આયોજનમાં વ્યસ્ત છે. બીજીતરફ બોર્ડની પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે અને પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે માટે આનુસંગિક તૈયારીઓ તેમજ જરૂરી બેઠકનો દૌર શરૂ થઈ ગયો છે. જયારે શિક્ષણ તંત્ર દ્વારા પણ વિવિધ શાળાના આચાર્યો તેમજ તંત્રના અધિકારીઓને પરીક્ષાના આયોજનને પારદર્શક બનાવવા માટે પુર્વ તૈયારીઓ તેમજ સ્થળ મુલાકાત માટે સુચના આપવામાં આવી છે. ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષામાં જિલ્લાના હજારો વિદ્યાર્થીઓ હાજરી આપશે જયારે આ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા અને ભૌતિક સુવિધાઓ પણ જળવાઈ રહે તે મુજબ શિક્ષણતંત્રના અધિકારીઓ સ્થળ મુલાકાત લઈને પરીક્ષા સ્થળની મુલાકાત પણ લઈ રહ્યા છે. શિક્ષણ બોર્ડે ગાંધીનગર જિલ્લામાં પરીક્ષાના સ્થળો પર શિક્ષણ વિભાગના અધિકારીઓને રાઉન્ડ લઈને સ્થળ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ



અમો નીચે સહી કરનારના પુત્ર અજયભાઈ રમેશભાઈ રાઠોડ ઉ.વ. ૧૮ રહે. કબીર ટેકરી, મુ.પો. તા. તલોદ, જી. સાબરકાંઠાનાઓ અમારા કહ્યામાં નથી અને મનસ્વી રીતે વર્તન કરે છે અને છેલ્લા ઘણા સમયથી ઘર છોડીને ચાલ્યા ગયેલ છે. અને અમોએ તેમને અમારી તમામ મિલકતોમાંથી બેદખલ કરેલ છે. જેથી સદર ફોટાવાળા અમારા પુત્ર સાથે કોઈએ કોઈપણ પ્રકારનો નાણાંકીય કે સામાજીક વ્યવહાર કરવો નહી. અને કરશો તો આ બાબતે અમારી કોઈ જ જવાબદારી રહેશે નહી જેની નોંધ લેવી.

**મારી મારફતે**
**સહી/-**
**અનીલ એ. મોદી**
**એડવોકેટ એન્ડ નોટરી**
**મુ.પો.તા. તલોદ, જી. સાબરકાંઠા**

**લી.**
**રમેશભાઈ તલાજી રાઠોડ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com